ક્રમાંક:ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૧/૨૨૦૪૨-૭૫

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં-૯/૧ ડૉ.જે.એમ.ભવન,
ગાંધીનગર
તા. ૯ /૧૨/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

વિષય:- બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ષ-૨૦૧૬માં કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયાથી નિમણૂંક પામેલ શિક્ષણ સહાયકોની પાંચ વર્ષની સેવા પૂર્ણ થતાં પુરા પગારના આદેશ અંગે કેમ્પનું આયોજન કરવા બાબત.

સંદર્ભ:- (૧) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તા.૧૬/૨/૨૦૦૬ અને તેમાં થયેલ વખતોવખતના સુધારા

(૨) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/ એસએચ/૨/ બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/જી તા.૧૧/૦૨/૨૦૧૧ અને તેમાં થયેલ વખતોવખતના સુધારા

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામા અને તેમાં થયેલ વખતોવખતના સુધારાની જોગવાઈઓ અન્વયે ડિસેમ્બર-૨૦૧૬માં કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયાથી શિક્ષણ સહાયકોની મહદઅંશે તમામ જિલ્લાઓમાં ફાળવણી કરવામાં આવેલ. સદર ભરતી પ્રક્રિયાથી નિમણૂંક પામેલ જે શિક્ષણ સહાયકોની ફિક્સ પગારની નોકરીનો પાંચ વર્ષનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેલ હોય તેઓના નિયમિત પૂરા પગારમાં સમાવવા અંગેના આદેશ કરવાની પ્રક્રિયા ડિસેમ્બર-૨૦૨૧માં જિલ્લા કક્ષાએથી પૂર્ણ કરવાની થાય છે.

ઉપરોક્ત વિગતે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પુરા પગારમાં સમાવવાપાત્ર શિક્ષણ સહાયકોને પુરા પગારમાં સમાવવાની પ્રક્રિયા સંદર્ભદર્શિત ઠરાવ-૧થી મળેલ સૂચનાઓ અન્વયે સમયમર્યાદામાં પૂર્ણ થઈ શકે અને Good Governance નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી શકાય તે હેતુથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને આ સબબ કેમ્પનું આયોજન કરી અને એકસાથે તેઓના જિલ્લાના સંબંધિત શિક્ષણ સહાયકોના પુરા પગારના આદેશની પ્રક્રિયા આથી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

<u>વિશેષ નોંધ</u>

- પુરા પગારના આદેશ કરતા સમયે જો કોઈ શિક્ષણ સહાયક નિમણૂંક બાબતે નામ.હાઈકોર્ટમાં કેસ દાખલ કરેલ હોય અને કોઈ નિર્ણય થયેલ ન હોય અથવા નામ.હાઈકોર્ટના આદેશ અન્વયે અમલવારીની વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેલ છે કે કેમ? તેની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ નિર્ણય કરવાનો રહેશે.
- કેન્દ્રીયકૃત ભરતીપ્રક્રિયામાં ફાળવણી થયેલ શિક્ષણ સહાયકોને સામાન્યત: તેઓની પુરા પગારની દરખાસ્ત સાથે ઓનલાઈન અરજીની નકલ રજુ કરવામાં જણાવવામાં આવતું હોય છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં શિક્ષણ

સહાયકો પાસે આ નકલ ઉપલબ્ધ હોતી નથી. તો આવા કિસ્સાઓમાં ઓનલાઈન અરજીની નકલનો દુરાગ્રહ ન રાખતાં રાજ્ય ભરતી સમિતિ દ્વારા આપના જિલ્લાને જે તે સમયે થયેલ ઉમેદવારની ફાળવણી અને આપની કચેરીના અન્ય સંલગ્ન રેકર્ડની ચકાસણીના આધારે આગામી નિયમોનુસારની કાર્યવાહી કરવાની રહેશે.

- આપના જિલ્લામાં જે શિક્ષણ સહાયકો નિમણૂંક પામેલ છે તેઓની તમામ વિગતો આપની કચેરીમાં ઉપલબ્ધ છે જેમ કે શિક્ષણ સહાયકનું નામ, કઈ શાળામાં નિમણૂંક પામેલ છે, નિમણૂંક પામેલ શાળામાં હાજર થયાં તારીખ વિગેરે, જેના આધારે આપના જિલ્લામાં નિમણૂંક પામેલ તમામ શિક્ષણ સહાયકોની પુરાં પગારની દરખાસ્ત સદર કેમ્પમાં આવી જાય તેની કાળજી લેવાની રહેશે તેમજ જે શાળા આવી દરખાસ્ત સમયમર્યાદામાં ન કરે તેવી શાળાના આચાર્ય તથા શાળા સામે નિયમાનુસાર કાર્યવાહી કરવા પણ આથી જણાવવામાં આવે છે.
- આ બાબતની સવિશેષ ચર્ચા બુધવાર તા.૧૫/૧૨/૨૦૨૧ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીઓ સાથે યોજાનાર VIDEO CONFERENCE માં કરવામાં આવશે.

(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર